# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરને ભારતની સભ્યતા અને શક્તિનું પ્રતિક ગણાવ્યું.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પશ્ચિમ બંગાળના કોલકાતા પહોંચ્યા- નવા ચૂંટાયેલા ભાજપના ધારાસભ્યો સાથે બેઠક યોજશે**
3. **વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સૂરીનામમાં એક સત્રને સંબોધતા વૈશ્વિક રાજનીતિમાં ભારતની ભૂમિકાને રેખાંકિત કરી.**
4. **DRDO અને વાયુસેનાએ ઓડિશામાં TARA હથિયારની પહેલી પરીક્ષણ ઉડાનનું સફળ સંચાલન કર્યું.**
5. **IPL ક્રિકેટમાં દિલ્હી કૅપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે આજે દિલ્હીમાં મુકાબલો.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM SOMNATH TEMPLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પુનઃનિર્મિત સોમનાથ મંદિરની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાને 75 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સોમવારે ગુજરાતના પ્રવાસે આવશે. દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે 11 મે 1951ના પુનઃનિર્મિત સોમનાથ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લીધો હતો.

પ્રધાનમંત્રીએ એક રાષ્ટ્રીય દૈનિકમાં લખેલા લેખમાં આ માહિતી આપી. તેમણે કહ્યું, કેટલાક મહિનાઓમાં સોમનાથ મંદિર સાથે જોડાયેલા બે મહત્વના આયોજનમાં સામેલ થવું તેમના માટે સૌભાગ્યની વાત છે. આ વર્ષના પ્રારંભે પ્રધાનમંત્રી સોમનાથ મંદિર પર પહેલા આક્રમણના એક હજાર વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સોમનાથ સ્વાભિમાન પર્વમાં સહભાગી થયા હતા.

(BYTE: AKARSHITA /PM MODI SOMNATH)

# REV. AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પશ્ચિમ બંગાળના કોલકાતા પહોંચ્યા. તેઓ નવા ચૂંટાયેલા ભાજપના ધારાસભ્યો સાથે બેઠક યોજશે, તેમાં પાર્ટીના ધારાસભ્ય નેતાની પસંદગી કરાશે. રાજ્યના નવા મુખ્યમંત્રી અને મંત્રી પરિષદ આવતીકાલે શપથ લેશે. આ પહેલા શ્રી શાહે દક્ષિણેશ્વર કાલી મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી.

(VC: SANDIPAN DASGUPTA)

# EAM SURINAME

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વિકાસ ભાગીદારી, વૈશ્વિક કાર્યદળ, આકસ્મિક સહાયમાં ભારતની ભૂમિકા અને નવી પહેલ પર ભાર આપતા વૈશ્વિક રાજનીતિમાં ભારતની ભૂમિકાને રેખાંકિત કરી. સૂરીનામના પારામારિબોમાં “પ્રગતિ માટે ભાગીદારી” વિષય પર સત્રને સંબોધતા શ્રી જયશંકરે રાષ્ટ્રીય અને વૈશ્વિક હિતમાં સંકલન સ્થાપિત કરવા વિશ્વાસપાત્ર ભાગીદારી પર ભાર આપ્યો. શ્રી જયશંકરે કહ્યું, ભારત સૂરીનામના વિકાસમાં ભાગીદાર બનશે.

આ પહેલા શ્રી જયશંકરે સૂરીનામના વિદેશ મંત્રી મેલ્વિન બૌવા સાથે સંવાદ કર્યો. ડૉક્ટર જયશંકર આગામી 10 તારીખ સુધી કેરેબિયન દેશના સત્તાવાર પ્રવાસ અંતર્ગત જમૈકા, સૂરીનામ તથા ત્રિનિદાદ અને ટોબેગોના પ્રવાસે છે.

(BYTE: JAISHANAKAR)

# INDIA UAE MEETING

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ સંયુક્ત આરબ અમિરાત – UAEના આંતર-રાષ્ટ્રીય સહકાર રાજ્યમંત્રી અને ભારત માટે વિશેષ દૂત રિમ અલ હાશિમી સાથે અબુધાબીમાં બેઠક કરી. બંને નેતાએ ભારત-સંયુક્ત આરબ અમિરાત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી અને પરસ્પર હિતના વૈશ્વિક મુદ્દાઓની સમીક્ષા કરી.

વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, બંને પક્ષે વેપાર, રોકાણ, ઉર્જા, સંરક્ષણ, નાણાકીય ટૅક્નોલૉજી, આરોગ્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને જનસંપર્ક ક્ષેત્ર થયેલા વિકાસ અંગે વિચાર-વિમર્શ કર્યો.

# KIRTI VARDHAN MIGRATION

વિદેશ રાજ્યમંત્રી કીર્તિવર્ધન સિંહે કહ્યું, પ્રવાસન અંગે ભારતનો દ્રષ્ટિકોણ પ્રવાસીઓની સુરક્ષા, દેશ છોડવાથી લઈ તેમના સંભવિત પરત ફરવા સુધીની વ્યાપક શાસન વ્યવસ્થા તથા મજબૂત આંતર-રાષ્ટ્રીય સહકારના મુખ્ય સંચાલન સિદ્ધાંતો પર આધારિત છે. ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનના બીજા આંતર-રાષ્ટ્રીય સ્થળાંતર સમીક્ષા મંચને સંબોધતા શ્રી સિંહે આ વાત કહી.

શ્રી સિંહે કહ્યું, ભારતે 23 દેશ સાથે પ્રવાસીઓની અવરજવર માટે વ્યાપક દ્વિપક્ષીય સમજૂતી અને સમજૂતી કરાર કર્યા છે. તેમજ નિષ્પક્ષ અને નૈતિક અવરજવર માટે અન્ય સમજૂતી કરાર પર વિચાર થઈ રહ્યો છે. તેમણે કહ્યું, ભારતનું લક્ષ્ય ગેરકાયદે સ્થળાંતર, તસ્કરી અને સામાજિક સુરક્ષામાં વર્તમાન અછત જેવા પડકારને પહોંચીને સમાવેશક, માનવીય અને ભવિષ્ય માટે તૈયાર માળખું તૈયાર કરવાનો છે.

(BYTE: KIRTIVARDHAN SINH)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV AKASHVANI MARATHON

આકાશવાણીએ પોતાની સ્થાપનાની 90મી વર્ષગાંઠ નિમિત્તે આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં મેરાથોન યોજી. આકાશવાણી ભવનથી શરૂ થયેલી આ દોડ કૃષિ ભવન, રેલ ભવન અને રિઝર્વ બૅન્ક ભવનથી પસાર થઈ આકાશવાણી ભવનમાં ખાતે પૂર્ણ થઈ.

આકાશવાણી અને દૂરદર્શન સહિત પ્રસારભારતીના કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યોએ મેરાથોનમાં ભાગ લીધો. પ્રસારભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી – CEO ગૌરવ દ્વિવેદી અને આકાશવાણીના મહાનિદેશક રાજીવકુમાર જૈન પણ આ દોડમાં જોડાયા હતા. આ અંગે શ્રી ગૌરવ દ્વિવેદીએ વધુ માહિતી આપી.

(BYTE: GAURAV DWIVEDI, CEO)

ઉલ્લેખનીય છે કે, બહુજન હિતાય બહુજન સુખાયના આદર્શ વાક્ય સાથે વર્ષ 1936માં આકાશવાણીની સ્થાપના થઈ હતી. તે દેશનું સૌથી વિશ્વાસપાત્ર પ્રસારણ માધ્યમ છે, જે વિવિધ ભાષાઓમાં સમાચાર બૂલેટિન સિવાય સંગીત, મનોરંજન અને લોકઉપયોગી કાર્યક્રમનું પ્રસારણ કરે છે.

# MARGHERITA-COSTA RICA

વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગેરિટા કોસ્ટા રિકાના પાટનગર સાન જોસ પહોંચ્યા. એક સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે કહ્યું કે તેઓ કોસ્ટા રિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ લૌરા વર્જિનિયા ફર્નાન્ડીઝ ડેલગાડોના ઉદ્ઘાટન સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ મુલાકાત દરમિયાન, શ્રી માર્ગેરિટા વિવિધ મહાનુભાવો, ઉદ્યોગપતિઓ અને ભારતીય સમુદાયના સભ્યોને પણ મળશે.

# DRDO TARA

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન – DRDO તથા ભારતીય વાયુસેનાએ ગઈકાલે ઓડિશાના દરિયાકાંઠા પર વ્યૂહાત્મક અદ્યતન અંતર વધારવાની ક્ષમતા – TARA હથિયારની પહેલી પરીક્ષણ ઉડાનનું સફળતાપૂર્વક સંચાલન કર્યું. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, મૉડ્યુલ રૅન્જ વિસ્તરણ કિટ – T.A.R.A. દેશની પહેલી સ્વદેશી ગ્લાઇડ હથિયાર પ્રણાલી છે, જે એક અગ્રેસર હથિયારને ચોકસાઈવાળા માર્ગદર્શિત હથિયારમાં રૂપાંતરિત કરે છે.

મંત્રાલયે જણાવ્યું, DRDOની અન્ય પ્રયોગશાળાઓ સાથે હૈદરાબાદના ઈમારત સંશોધન કેન્દ્ર દ્વારા ડિઝાઈન અને વિકસિત કરાયેલી T.A.R.A.નો ઉદ્દેશ જમીન આધારિત લક્ષ્યોને નષ્ટ કરવા ઓછી ક્ષમતાવાળા હથિયારની મારક ક્ષમતા અને ચોકસાઈ વધારવાનો છે. આ ઓછી ક્ષમતાની અદ્યતન પ્રણાલિનો ઉપયોગ કરવા પહેલું ગ્લાઈડ હથિયાર છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે TARA હથિયારની પહેલી પરીક્ષણ ઉડાન બદલ DRDO, વાયુસેના, DCPP અને ઉદ્યોગને અભિનંદન પાઠવ્યા. તેમણે તેને ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓને આગળ વધારવામાં મહત્વનો વિકાસ ગણાવ્યો.

# IPL CRICKET MATCH

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે દિલ્હી કૅપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો થશે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે આ મેચ શરૂ થશે. દિલ્હીની ટીમ અક્ષર પટેલ અને કોલકાતાની ટીમ અજિંક્ય રહાણેની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે. પૉઈન્ટ ટેબલમાં હાલ દિલ્હીની ટીમ સાતમા અને કોલકાતાની ટીમ આઠમા ક્રમે છે.

આ પહેલા ગઈકાલે લખનઉમાં રમાયેલી મેચમાં ડકવર્થ લુઈસ સ્ટર્ન – DLS પદ્ધતિથી લખનઉ સુપર જાયન્ટ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુને નવ રનથી હરાવ્યું.